ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રોજ નમતી સાંજ છે
ખાસ ગમતી સાંજ છે
વેરી રંગો આભમાં
રાસ રમતી સાંજ છે
મન અગાશી ઉતરીને
આજ ભમતી સાંજ છે
સૂણી ઝાલરના સુરો
ઝીણું ઝમતી સાંજ છે

- આરતી રાજપોપટ

### પાથેય

- રમેશ ઠક્કર

## અજંપાનાં અંજળપાણી

સંધ્યા રોજ સાંજે નમે છે..એના નમવામાં એક જાદૂઈ નજાકત ભરી હોય છે. આકાશ અસીમ છે..એના અનેક રંગ છે..અનેક મુડસ્ હોય છે..મન પણ અમર્યાદ છે..મનનાં પણ અનેક પડ છે..અનેક મનોભાવો છે..એમાં ભરેલા અનેક અભાવ છે.સાંજનો અભાવ પણ આવો જ એક મનોભાવ છે...સાંજની ઉદાસીનો પણ આગવો અંદાજ છે..

આથમતી સંધ્યાના ગેરુઆ રંગોની માફક ઉદાસીનો પટ પણ મનોપટ ઉપર વૉલપેપર બની ને કયારેક છવાઈ જતો હોય છે.."ઘાયલ" સરસ શબ્દોમાં દર્દ ને ઘુંટે છે..

'દુઃખ વગર દર્દ વગર,દુઃખ ની કશી વાતો વગર,
મન વલોવાય છે,કયારેક વલોપાત વગર. . !'

પ્રસન્નતા જેમ એક રંગ છે એમ ખિન્નતા પણ આગવો અંદાજ હોય છે!

આપણું મન ઉદાસ કેમ થાય છે? અભાવો..અતૃપ્તિ...કે અસફળતા.. એમાં કારણભૂત હશે.. પરંતુ ઉદાસી ઘણીવાર અકથ્ય કારણો થી પણ ઘેરાઈ જતી હોય છે..

ઉદાસીની સાંજ હોય છે..સવાર નથી હોતી..આછું અંધારું એનું ઉદઘોષક બની જાય છે. કોઈકની યાદ..અભાવની કોઈક પળ અને એની ચુભન જયારે ડંખે છે ત્યારે આપણું મન કોઈકને ઝંખે છે.."ખામૌશી" ફિલ્મ નું આ ગીત આ મનોવ્યથાને બરાબર વ્યક્ત કરે છે..

'વૉ શામ કુછ અજીબ થી..યે શામ ભી અજીબ હૈ. . વૉ કલ ભી પાસ પાસ થી વૉ આજ ભી કરીબ હૈ..!

'એકાકી હોવું એ માણસ હોવાની સજા હશે? કોઈ વાઘ કે હરણને આપણે વિચારમગ્ન જોયાં હશે? માણસ એકલો થઈ શકે છે..એટલે જ એને કશાકની ઝંખના હોય છે. અજંપાનાં અંજળપાણી માણસના કિસ્મતની જ દેન છે..! સુખની અનુભૂતિની આપણને તલાશ હોય છે..પણ એ એટલી સહજ નથી.. અડચણો આપોઆપ મળી જતી હોય છે...

શરૂઆતમાં અભાવોનો એનો ડર લાગે છે પછી એ આપ્તજન બની જાય છે..આદત બની જાય છે..આપણું મન એનો જયારે નિવાસ બને છે..ત્યારે એ પણ એક સહવાસ બની જાય છે..સતત સતાવતી મુશ્કેલીઓ ઘણા સમય સુધી ના મળે તો અચરજ પણ થાય છે..ત્યાં જ ફરીથી નાના બાળક ની જેમ એ ડોકાઈ જાય ત્યારે મન કહી ઉઠે છે.. "તું આ ગઈ.. ગર્દિશે મસ્તાની...?
બડી મહેરબાની.બડી મહેરબાની."

મુસીબતોને મસ્તાની કહેવામાં જ કદાચ અનોખી મસ્તી રહેલી છે!

# ભાજપે કાર્યકરોને આપી સલાહ

તંત્રીસ્થાનેથી...

સામાન્ય રીતે રાજકીય કાર્યકર્તા શક્ય એટલો વધુ પ્રજાસંપર્ક રાખવા પ્રયત્ન કરતો હોય છે. પ્રજા સાથે જેટલી વધારે આત્મીયતા કેળવાય એટલો એને પોતાને તથા એની પાર્ટીને લાભ થવાની સંભાવના રહે છે. એથી વરિષ્ઠ નેતાઓ, મંત્રીઓ અને પાર્ટીનાં ઉચ્ચ પદો પર આરૂઢ હોદ્દેદારો કાર્યકર્તાઓને છેક ગ્રાસરૂટ સુધી ઊંડા ઊતરી પ્રજાના પ્રશઅનો સમજવા અને એનો હલ કરવા આદેશ આપતા રહે છે. ભારતીય જનતા પાર્ટી આજની ઊંચાઈએ પહોંચી હોય તો એનું રહસ્ય એની છેક બૂથ લગીની જડબેસલાક વ્યવસ્થા છે. કાર્યકર્તા પ્રજાના ઘરે ઘરે સામા પગલે પહોંચી જઈ એના પ્રશ્નોથી વાકેફ થતો રહે છે અને દોડી દોડીને ગાંઠનું ગોપીચંદન ઘસી એ અંગત કે સામૂહિક પ્રશ્નોનું નિરાકરણ કરતો રહે છે. કોંગ્રેસના કાર્યકર્તા સામે ખુદ કોંગ્રેસની નેતાગીરીને સૌથી મોટી ફરિયાદ હોય તો એ જ કે એ ફક્ત મોટા નેતા ગામમાં આવે ત્યારે ઝભ્ભો લેંગો ઠઠાવી હાજર થઈ જાય છે. એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાની માફક દોડી દોડીને પ્રજાનું કામ કરવામાં નાનમ અનુભવે છે. ટૂંકમાં એક સમયની દેશની સૌથી લોકપ્રિય અને આઝાદીના ઈતિહાસ સાથે સંકળાયેલી મહાન રાજકીય પાર્ટીમાં હવે કાર્યકર્તા રહ્યા જ નથી; જે કોઈ છે તે બધા નેતા છે. પ્રજા સાથેનો સંપર્ક તૂટી જવાથી પાર્ટીની જે અવદશા થઈ છે તે સર્વવિદિત છે. આથી કોંગ્રેસના હાઈકમાન્ડમાંથી આદેશ છૂટે છે કે લોકો વચ્ચે પહોંચી જાઓ. એમની સાથે નાની નાની ખાટલા પરિષદો યોજો. એમના પ્રશ્નો સમજો. એમને વર્તમાન શાસનની નબળી બાજુથી વાકેફ કરો અને મોંઘવારી, બેરોજગારી, કોમવાદ, ધર્મના નામનો દુરુપયોગ, બેફામ ભ્રષ્ટાચાર, સ્ત્રીઓ પર થતા બળાત્કાર, ખેડૂતોની આત્મહત્યા તથા શિક્ષણક્ષેત્રે થતા આર્થિક સંદર્ભે સરકારના ખાડે ગયેલા તંત્ર સહિત અનેક બાબતો વિશે ખુદ એમના મોઢે એમની પીડા સાંભળો. આદિવાસીઓ અને દલિતો તથા લઘુમતીઓની સમસ્યાઓ સાંભળો. એમને એમના તરફ રાખવામાં આવતા વહેરાવંચાથી વાકેફ કરો. મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ અને માલેતુજારોના હિતમાં સરકાર દ્વારા લેવાતા નિર્ણયોથી એ અબુધ મતદારોને વાકેફ કરી પોતાના નાગરિક અધિકારો પ્રત્યે જાગ્રત કરો. કોંગ્રેસ કરતાં પણ વિશેષ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની આમ આદમી પાર્ટી આવી બધી બાબતો વિશે પ્રજા સમક્ષ સીધી ચર્ચાને આવકારે છે. આ બધા મુદ્દા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા સામે પણ આવતાં જ હોય. એ વખતે એનો જવાબ આપતાં એને ગેંગેંફેંફેં થઈ જતું હોય એ સ્વાભાવિક છે. આથી સુરત ખાતે મળેલી કારાબોરીમાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે કાર્યકર્તાઓને એક 'નેગેટિવ' આદેશ આપ્યો છે. એમણે જાહેર મંચ પર આવી ચર્ચાઓ ટાળવાનું સૂચન કર્યું છે. આવી ડિબેટ હંમેશા શાસક પાર્ટીને નુકશાન જ કરતી હોવાનું માનીને એમણે કાર્યકર્તા પર જાહેર ચર્ચા ટાળવાની પાબંધી લગાવી હશે. ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે નૂપુર શર્મા જેવાં નિવેદનો પાર્ટી માટે નવી સમસ્યા ન સર્જે એની હાઈકમાંડને ચિંતા હોય જ. એથી શિસ્તબદ્ધ પાર્ટીએ આવી ચર્ચા કે ભાષણો ફક્ત પાર્ટી દ્વારા નક્કી કરાયેલા આગેવાનો જ કરે એવો આદેશ કર્યો લાગે છે. કાર્યકર્તા તો કોઈ પણ પાર્ટી માટે પાયાની ઈંટ છે. શાસક પાર્ટીએ સત્તાની ઈમરાત રચી છે તેની અંદર ચાલતા કૌભાંડો કે ગેરરીતિઓ તથા ઢંઢેરામાં પ્રજાને આપેલાં વચનો પાળવામાં મળેલી નોંધ પાત્ર નિષ્ફળતા ઉજાગર ન થાય અને હિંદુત્વ - કાશ્મીર તથા વિશ્વ સ્તરે ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશને પ્રાપ્ત થયેલ સમ્માન કે કોરોના વિરુદ્ધ વ્યાપક રસીકરણ જેવા મુદ્દાઓ જ મતદારો સમક્ષ ચર્ચાય એટલા માટે સામાન્ય કાર્યકર્તાઓને આવી ચર્ચાઓથી દૂર રહી ફક્ત પાર્ટીના એજન્ડા મુજબ દોડતો રાખવાની સ્ટ્રેટેજી જરા વિચિત્ર લાગે છતાં તે ગણતરીપૂર્વકની છે. ચૂંટણીટાણે વિપક્ષ જયારે ઘાત લગાવીને શાસક પાર્ટી પર હુમલો કરવાની તક શોધતો હોય ત્યારે વાદવિવાદ કરીને ફસાઈ જવા કરતાં કાર્યકર્તા કામ જ કરતો રહે તે જરૂરી છે. ઘણું બધું સંતાડવાનું છે અને જે કંઈ કહેવાનું છે તે એની તાલીમ પામેલ વક્તાઓ દ્વારા જ રજૂ થાય તે જરૂરી છે. પાર્ટી બિનજરૂરી વિવાદો પોતાના જ કાર્યકર્તાઓ ઊભો ન કરે એની ચિંતામાં લાગે છે!

# નિરર્થક લગ્નો પીડિત પક્ષનાં વિકલ્પ પર રદબાતલ ઠરે છે




નિરર્થક લગ્નો જે પિડિત પક્ષનાં વિકલ્પ પર રદબાતલ ગણાય છે. આવા લગ્નોને અમુક કારણોસર રદબાતલનાં હુકમ દ્વારા રદ કરી શકાય છે. જેવા કે, પતિએ ખ્રિસ્તી ધર્મનો દાવો કરી અદલાબદલી કરી અને અન્ય સ્ત્રી સાથે લગ્નનાં સ્વરૂપમાંથી પસાર થવા હોય તેમ જ પતિની નપુંસકતાનાં કારણે લગ્નજીવન પૂર્ણ થયેલ ના હોય, લગ્ન અસ્વસ્થ મનની અથવા માનસિક વિકૃતિધરાવતી અથવા વાઈનાં વારંવાર હુમલાથી પીડિત વ્યક્તિ સાથે રોગ છૂપાવી લગ્ન થયા હોય, અથવા અરજદાર અથવા તેના વ્યક્તિની સંમતિ, સમારંભની પ્રકૃતિ અથવા સામાવાળાને લગતી કોઈ વાસ્તવિક હકીકત અથવા સંજોગો માટે બળ દ્વારા અથવા કપટ દ્વારા સંમતિ મેળવવામાં આવી હોય અને લગ્ન કરવામાં આવ્યા હોય તો આવા લગ્ન કોર્ટનાં હુકમનામાંથી રદબાતલ ઠરે છે. તેમાં ટાછેડાની અરજ કરવાની રહેતી નથી, પરંતુ સીવીલ કોર્ટમાં લગ્ન રદબાતલ ઠરાવવાનો દાવો પિડિત પક્ષકાર દ્વારા કરી નામ. કોર્ટનું હુકમનામું મેળવી આવા લગ્નનો રદબાતલ ઠરાવી શકાય છે.

પિડિત પક્ષકાર દ્વારા આવા લગ્ન થયા બાદ છેતરપિંડી શોધી કાઢ્યા બાદ એક વર્ષની અંદર પિટીશન કોર્ટમાં રજુ કરવી જરૂરી છે. પિડિતા ઉપર બળજબરી થઈ હોય અથવા થયા પછી છેતરપિંડી શોધી હોય ત્યારથી એક વર્ષની મુદત સાબિતી કરવી પિડિત પક્ષકારની જવાબદારી ઠરે છે. તેમજ પિડિત પક્ષકાર લગ્નજીવનમાં એક વર્ષ ઉપરાંતથી સાથે રહેતા ના હોવા જોઈએ.

લગ્ન સમયે યુવતી અન્ય વ્યક્તિથી ગર્ભવતી હોવાનું સાબિતી થાય તો પણ પિડિત પક્ષકાર યુવક આવા લગ્ન રદબાતલ ઠરાવી શકે છે, પરંતુ સાબિત કરવાની જવાબદારી પિડિત યુવકની છે કે સગર્ભા યુવતીનાં બાળકના પિતા તેઓ નથી.

પોતાનો મૂળ ધર્મ છૂપાવીને પક્ષકારે યુવતી કે યુવક સાથે પક્ષકારે લગ્ન કર્યા હોય અને લગ્ન બાદ મૂળ ધર્મની જાણ યુવક કે યુવતીને થાય તો પિડિત પક્ષકાર આવા લગ્ન રદબાતલ સીવીલ કોર્ટમાં ઠરાવી શકે છે.

સમાજમાં સામાન્યતઃ એવી માન્યતા પ્રવર્તે છે કે, છૂટાછેડા મેળવવા હિન્દુ મેરેજ એક્ટની કલમ-૧૩(એ) અથવા પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે કલમ-૧૩(બી) મુજબ ફેમીલી કોર્ટ કે તાબાની કોર્ટમાં પિટિશન દાખલ કરી છૂટાછેડાનું હુકમનામું મેળવવાનું રહે છે, પરંતુ છેતરપિંડીથી થયેલા અગરતો ધર્મ, જાતી, રોગ, છૂપાવી થયેલા લગ્નનોથી પિડિત પક્ષકારોએ સીવીલ કોર્ટમાં લગ્ન રદબાતલ ઠરાવવાનો દાવો કરી હુકમનામું મેળવી શકશે અને આવા લગ્નો રદ કરાવી શકે છે.

જો બંને પક્ષકારો હિન્દુ હોય તો જ હિન્દુ મેરેજ એક્ટ મુજબ, હિન્દુ લગ્ન અધિનિયમ મુજબ લગ્ન નોંધણી કરાવી શકે છે, એક પક્ષકાર હિન્દુ અને બીજો પક્ષકારો વિધર્મ હોય તો જીલ્લા મેજીસ્ટ્રેટની લગ્ન નોંધણી માટે પરવાનગી મેળવ્યા બાદ જ સ્પેશ્યલ મેરેજ એક્ટ મુજબ આવા લગ્નોની નોંધણી લગ્ન નોંધણી રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી શકે છે.

જે વ્યક્તિઓ ધર્મ દ્વારા મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી અથવા યહૂદી છે, તેમને હિન્દુ મેરેજ એક્ટ મુજબ લગ્ન નોંધણી થઈ શકતી નથી.

ભારતનાં બંધારણની કલમ-૩૬૬ની કલમ-(૨૫)ના અર્થમાં અનૂસુચિત જનજાતિ સભ્યો સિવાય કેન્દ્ર સરકાર નોટીસ દ્વારા અન્યતા આપેલ હોય તેમને પ્રયોજતાનાં કાયદાના નિયમ મુજબ હિન્દુ કાયદો નડતો નથી. લગ્નો માન્ય રાખવા માટે લગ્ન સમયે કોઈપણ પક્ષે જીવનસાક્ષી હોવો ના જોઈએ એટલે કે કુવારા, વિધવા, વિધૂર હોવા જોઈએ. જીવનસાથીમાં છૂટાછેડા લીધેલા પતિ/પત્નીનો સમાવેશ આમાં થતો નથી.

હિન્દુ લગ્ન પરંપરાગત સંસ્કારો અને વિધિઓ અનુસાર થઈ શકે છે, સપ્તપદી અને કન્યાદાનની વિધિએ મોટા ભાગનાં હિન્દુ લૉમાં પ્રચલિત મહત્વપૂર્ણ સમારંભો છે. પવિત્ર અગ્નિની સાક્ષીએ ફેરા ફરી હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન સમારંભ દ્વારા મહારાજનાં મંત્રો દ્વારા કરવામાં આવતા લગ્નોને જ હિન્દુ શાસ્ત્રોક્ત લગ્નો તરીકે કાયદામાં અનુમોદન મળેલ છે. સપ્તપદીનાં ફેરાનું મહત્વ કાયદાકીય રીતે ખૂબ જ આંકવામાં આવ્યું છે. અગ્નિની સાક્ષી વગર એકબીજાને ગળામાં હાર પહેરવાથી હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ લગ્ન માન્ય ગણાતા નથી.

સંકલ્પબધ્ધ થયેલા લગ્નો સ્પેશ્યલ મેરેજ એક્ટ મુજબ રજીસ્ટ્રાર ઓફીસમાં હિન્દુ મેરેજ રજીસ્ટ્રારમાં નોંધણી કરાવી શકાય છે. લગ્નની નોંધણી કરાવીએ સંપૂર્ણપણે પક્ષકારો ઉપર આધારિત છે, પરંતુ લગ્ન રજીસ્ટ્રારનું લગ્ન નોંધણી સર્ટીફીકેટ વિઝા માટે, નામફેર માટે તથા કાયદાકીય પ્રક્રીયામાં ઉપયોગી કાર્યોમાં રજુ કરવા ફરજીયાત છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in

### દિન મહિમા

● વિશ્વ જનસંખ્યા દિન

આજનું

### ઔષધ

● અજમો, વાવર્ડિંગ, સિંધવ, ચિત્રકમળ, પીપરીમૂળ, દેવદાર, લીંડીપીપર, વરિયાળી અને કાળાં મરી દરેક ૧૦-૧૦ ગ્રામ, હરડે ૫ ગ્રામ અને વરધારો ૧૦૦ ગ્રામને ભેગાં ખાંડી બનાવેલા ચુર્ણને અજમોદાદિ ચૂર્ણ કહે છે. અડધીથી એક ચમચી આ ચૂર્ણ સહેજ ગરમ પાણી સાથે લેવાથી સોજા, આમવાત, સંધિવા, સાયટીકા-રાંઝણ, નિતંબ, કમર, સાથળ, પડખા, પીઠ, ઢીંચણ, પગના તળિયામાં થતો દુઃખાવો મટે છે.

### ખડખડાટ

● વાઈફ: તમને યાદ છે મે કઈ સાડી પહેરી હતી તમે મને પહેલી વાર જોવા આવયા તયારે ?
પતિઃ ના યાદ નથી
વાઈફ: એનો અર્થ તમે મને ચાહતા નથી...
પતિઃ ના એવુ નથી, માણસ પાટા પર આપઘાત કરવા જાય, તયારે જોતો નથી કે રાજધાની છે કે શતાબ્દી....

આજનું

### વોટ્સએપ

● ઈશ્વર આપણી સાથે જ હોય છે, એને વિશ્વાસથી જોઈ શકાય અને શ્રદ્ધાથી અનુભવી શકાય છે.

# બાળક વર્તમાનમાં જીવે છે... એટલે... હમેશાં પ્રસન્ન રહે છે...




વડીલ ભૂતકાળમાં જીવે છે...
એટલે... નિરાશ રહે છે...
યુવાન ભવિષ્યમાં જીવે છે....
એટલે... પરેશાન રહે છે....
બાળક વર્તમાનમાં જીવે છે...
એટલે... હમેશાં પ્રસન્ન રહે છે...

આજથી વીસ-પચ્ચીસ વરસ પછી આ દેશના રંગમંચ પર જે લોકો આવશે, જે લોકો સંસદને માટે સંઘર્ષ કરશે, કળા-કારખાનાં ચલાવશે, રેલ-તાર-ટપાલ અને વિમાનોનું સંચાલન કરશે, દેશના રક્ષણની જવાબદારી લેશે, એ કેવા હશે? શું એ આજના કરતાં જુદા હશે? સ્વાભિમાની, આત્મવિશ્વાસી, ઈમાનદારી અને પોતાના પરિશ્રમના બળ વડે દુનિયાને જીતવાની મહત્ત્વાકાંક્ષા રાખવાવાળા હશે? ... જવાબ મળે છે - હા, હશે!

રસ્તાઓ પર અને ગલીઓમાં નાના નાના છોકરાઓ પોતાની શક્તિની ઉપરવટ બોજો ઉઠાવી, ખભે લટકાવીને ઘૂમતા ફરે છે અને સાદ પાડે છેઃ ''બૂટ પૉલિસ! બૂટ પોલિસ!'' આ એ છોકરાઓ છે કે જેમને કોઈ વરંડા કે ખૂણામાં પણ બેસવાની જગા નથી મળતી, ગરમી, ટાઢ કે વરસાદની પરવા ન કરતાં એ બાળકો પોતાના ગ્રાહક શોધે છે ને ઘેર ઘેર જઈ પાલીસ કહે છે. ફાટી-તૂટી કામળીનો કટકો લપેટીને એ સાદ પાડતા ફરે છે : બાબુજી, બૂટપાલીસ વાલા !'

હજી તો પરોઢનાં કિરણો પણ ફૂટ્યાં નથી હોતાં, બાબુજી રજાઈમાં પડ્યા હોય છે, બેફિકર સૂતેલા હોય છે કે પછી પથારીમાં જ ''બેડ-ટી'ની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. આ અવાજ સાંભળીને અનેકને ખીજ ચડે છે..... હત્તારીની, છોકરાએ અત્યારમાં ઊંઘ ખરાબ કરી નાખી! કોણ જાણે કયાંથી આવીને મરે છે !... જરાક ચેતન આવતાં એ વિચારે છે : ઠીક થયું, મહેનત બચી, નહીંતર સવારના પહોરમાં ઊઠતાંવેત જોડાને પાલીસ કરવું પડત. એક સમજદાર સજ્જને છોકરાને બોલાવી લીધો.

છોકરો ખટાખટ દાદરા ચઢતો દરવાજા પર આવીને ઊભો. પલંગ નીચેથી બૂટ કાઢવાનો ઈશારો કરતાં એ બાળકને પૂછ્યુંઃ ''તુમ પાલીસ કર સકોગે?' પાંચ-છ વરસનો છોકરો નિઃશંક બોલ્યોઃ ''હાં સાહબ! ઐસા ચમકા દૂગા - યદિ પસંદ ન આવે તો આપ પૈસે ન દેના. હવે તો કોઈ બહાનું પણ કઢાય તેમ નહોતું! સજ્જને કાળજું કઠણ કરીને જોડા પાલીસ કરવા માટે આપી દીધા. છોકરો બેસી ગયો અને પોતાનું કામ ધ્યાન દઈને કરવા માંડ્યો. જોડા ચમકવા લાગ્યા...

છોકરો રોજ આવવા લાગ્યો, પાલીસ કરવા લાગ્યો. સજ્જને હવે બારણું ઉઘાડું જ રાખતા. છોકરો સવારો સવાર આવતો, જોડાને પાલીસ કરતો, પલંગના ખૂણામાં રાખેલા મજૂરીના પૈસા લઈને, જેમ ચુપચાપ દબાતે પગલે આવતો તે જ રીતે, દબાતે પગલે ચુપચાપ ચાલ્યો જતો. છોકરો કર્તવ્યપરાયણ છે, મહેનતું છે, સમયપાલન કરનારો છે, એ જોઈને સજ્જન બહુ પ્રસન્ન થયા. પરંતુ હજી એક કસોટી બાકી હતી : છોકરો ઈમાનદાર પણ છે કે નહિ, તે જોવાનું હતું.

આ કસોટીને માટે એક વાર સજ્જને પોલીસની ઠરાવેલી મજૂરીનાં કરતાં વધારે પૈસા રોજની જગાએ મૂકી રાખ્યા. રોજની જેમ તે દિવસે પણ છોકરો આવ્યો. જોડાને પાલીસ કર્યા, અને પોતાની મજૂરી જેટલા પૈસા લઈને ચુપચાપ ચાલ્યો ગયો. સજ્જન ઊઠ્યા ત્યારે એ જોઈને આશ્ચર્યચક્તિ થઈ ગયા કે એ બાળકે પોતાની બાંધેલી મજૂરીના કરતાં વધુ એક પૈસો પણ નહોતો લીધો. એ રાજી રાજી થઈ ગયા. દેશમાં ઈમાનદાર, મહેનતું અને સમયપાલન કરનારાં બાળકો પૈસા થઈ રહ્યાં છે, તેની એમને પાકી ખાતરી થઈ ગઈ.

હકીકતમાં તો, એ વાત આશ્ચર્યની હતી કે જયારે વનસ્પતિ' પણ નકલી ''વનસ્પતિ મળે છે, કાળાં મરીની જગ્યાએ પપૈયાનાં બીયાં મળે છે, ચાની ભૂકીની જગાએ લાકડાનો રંગીન છોલ અને ભૂકો મળે છે, ખાંડની જગાએ રાસાયણિક ખાતર અને હળદરની જગાએ પીળી માટી મળે છે. ત્યારે એક છોકરો - જેની પાસે ટાઢથી બચવા માટે ગરમ કપડું નથી, વરસાદનાં ઝાપટાં સામે રક્ષણ કરવા માટે છત્રી નથી, એવો છોકરો પોતાની મજૂરી કરતાં એક પણ વધારાનો પૈસો લેવો તે પાપ માને છે.

સજને દિવાળીને દિવસે એને બોણી આપવાનું વિચાર્યું. એ અંદર ગયાપાકીટ લાવ્યા અને રૂપિયાની નવી નોટ કાઢીને એમને છોકરાની તરફ લંબાવી. બાળકની આંખો ચમકી ઊઠી, તે બોલ્યો, ''બાબુજી, આજ યહ ક્યાં ?'

'યહ તુમ્હારા ઈનામ હૈ.''

છોકરો તરત બોલી ઊઠ્યોઃ ''બાપુજી, યહ મેં નહીં લે સકતા.' પછી પોતાનાં નાજુક બાવડાં લંબાવતાં બોલ્યોઃ ''બાબુજી, મુઝે અપની મહેનત પર ભરોસા છે. જો ઈનસે પ્રાપ્ત નહીં હો સકતા, વહ કભી નહિ લે સકતા.'' એટલું કહીને બાળક ચાલ્યો ગયો.

એક દિવસ એ પોતાના નાના ભાઈને પણ સાથે લાવ્યો. પૂછ્યુંઃ ''કયા ઈસકો અભી સે અપના કામ સિખા કર તૈયાર કર રહે હો?''

છોકરાએ જવાબ દીધોઃ 'નહિ, બાબુજી, ઈસકો તો પઢાઉંગા! યહ સ્કૂલ જાયા કરેગા.''

છ વરસ વીતી ગયાં. છોકરો અગિયાર વરસનો થઈ ગયો. હવે એ સાઈકલની મરામત કરતાં શીખે છે. જોડાને પાલીસ કરવાનું કામ પૂરું કરીને બરાબર પોણા નવ વાગ્યે એ સાઈકલવાળાની દુકાને પહોંચી જાય છે. મન પરોવીને કામ કરે છે, અને નવું જ્ઞાન મેળવવા માટે પૂરી મહેનત કરે છે. એ છોકરાના કામકાજથી દુકાનમાં બધા લોકોને રાજીપો છે.

આ છે - સ્વાધીન ભારતનો મહેનતુ, કર્તવ્યપરાયણ અને ઈમાનદાર બાળક. એને જોઈને કોની છાતી નહિ ફૂલે?

- વનીન્દ્રકુમાર વિદ્યાલંકર

Last Seen :

હે માણસ! તું થોડો માણસ થાતાં શીખી જા આ સારું ને આ ખોટું એ નક્કી કરવું છોડ, હે માણસ! તું ભીતર જ પરમ જોતાં શીખી જા...

- ખ્યાતિ શાહ

- nehalgadhavi101@gmail.com

# ભારતનાં ડાયાબિટીક બાળકોની ચિંતા વિસનગરની બે ડૉક્ટર બહેનો કરી રહી છે




ગુજરાત ખરેખર બડભાગી છે કે તેને સમયાંતરે માનવતાવાદી ડૉક્ટરો મળતા જ રહ્યા છે. ઉત્તર ગુજરાતના વિસનગરની બે ડૉક્ટર બહેનો, ડૉ. સ્મિતાબેન જોષી અને ડૉ. શુક્લાબહેન રાવલે ભારતનાં ડાયાબિટીક બાળકો માટે જે કામગીરી કરી છે તે જેટલી રસપ્રદ છે એટલી જ પ્રેરક પણ છે.

ગુજરાતમાં ભૂતકાળમાં સર્વોદય પરિવારનાં હરવિલાસબેન અને ચંદ્રકાંતાબહેને દક્ષિણ ગુજરાતના ધરમપુર વિસ્તારમાં આદિવાસીઓના ઉત્થાન માટે પિંડવળમાં બેસીને જે કામ કર્યું હતું તે નોંધપાત્ર હતું. હવે આપણને આ બે




બહેનો મળી છે જે લાખો પરિવારોના અંધકારને ઉલેચવા મથી રહી છે.

ડૉ. સ્મિતાબેન જોષીનો પરિવાર ચાર પેઢીથી ડૉક્ટર પરિવાર જ છે. તેમના દાદા ડૉક્ટર વાસુદેવ જે રાવલ ઊંઝાના જાણીતા સેવાભાવી અને માનવતાવાદી ડૉક્ટર હતા. તેમણે તબીબી વ્યવસાય લોકસેવા માટે અપનાવ્યો હતો. જે દર્દી પાસે પૈસા આપવાની સગવડ હોય તેની પાસેથી જ પૈસા લેવાના. ગરીબ સાધુ-સંતો વગેરે પાસેથી પૈસા નહીં લેવાના. તેઓ ભૂખ્યાજનોને પોતાના ઘરે જમાડતા.

દુનિયાનો આ એવો પહેલો અને એકમાત્ર ડૉક્ટર હશે જે દર્દીને દવાની જેમ જમવાની ચિઠ્ઠી લખી આપતો હોય ! જે દર્દીને ભૂખ લાગી હોય અને જમવાની સગવડ ન હોય તેમને ડૉક્ટર વાસુદેવભાઈ ચિઠ્ઠી લખી આપતા એ ચિઠ્ઠી લઈને દર્દી વાસુદેવભાઈ ના ઘરે જાય અને જમી આવે. પરિવારજનો રસોડું આટોપીને બેઠાં હોય ત્યારે પણ કોઈ ચિઠ્ઠી લઈને આવી જાય. પરિવારજનો પ્રેમથી જમાડે જ. ધીમે ધીમે જમનારની સંખ્યા વધી ગઈ. એ પછી તો વાસુદેવભાઈએ સદાવ્રત ખોલ્યું હતું.

એ જમાનામાં ડૉ. દ્વારકાદાસ જોશી ડૉ. વસંત પરીખ અને ડૉ. વાસુદેવ રાવલની ત્રિપુટી સેવાભાવ માટે ખૂબ જાણીતી હતી. તેમના દ્વારા ભારતના જુદા જુદા વિસ્તારોમાં આરોગ્ય શિબિરો થતા. ડૉ. સ્મિતાબહેન અને ડૉ. શુક્લાબહેન નાનપણથી જ આરોગ્ય શિબિરોમાં શરૂઆતમાં સ્વયંસેવક તરીકે અને પછી ડૉક્ટર તરીકે સેવા આપવા જતાં. વાસુદેવભાઈના દીકરા અનિલભાઈ (એટલે કે સ્મિતાબહેનના પિતાજી) પણ ડૉક્ટર થયા. તેમને અમેરિકામાં વસવાની પૂરતી તક હતી, પણ વાસુદેભાઈના કહેવાથી તેમણે ભારતમાં જ રહીને ગરીબોની સેવા કરવાનું નક્કી કર્યું. ગ્રીન કાર્ડ સહિતની બધી બાબતોને તેમણે જતી કરી.

ડૉ. વાસુદેવભાઈનું સામાજિક દાયિત્વ તેમની બીજી જ નહીં, ત્રીજી અને ચોથી પેઢીમાં પણ ઉતર્યું છે. ચોથી પેઢીમાં થયેલા ડૉક્ટરો પણ માનવતાલક્ષી કાર્યો કરી જ રહ્યા છે.

ડૉ. સ્મિતાબહેન અને ડૉ. શુક્લાબહેનને ડાયાબિટીસ બાળકો માટે કામ શરૂ કર્યું તેની પાછળ એક હૃદયસ્પર્શી બનાવ છે. વિસનગરની હોસ્પિટલમાં ચાર વર્ષની ડાયાબિટીસતી પિડાતી દીકરી દાખલ થઈ હતી. તેની જોડે તેની માતા હતી. આંખોમાં આંસુ સાથે તેની માતાએ ડૉક્ટરને કહ્યું કે ગયા જન્મમાં અમે એવાં તે કયાં પાપ કર્યાં હશે કે મારી ચાર વર્ષની ફૂલ જેવી છોકરીને દિવસમાં પાંચ પાંચ વખત ઈન્સ્યુલિન આપવું પડે છે. નાની છોકરીએ માનાં આંસુ લૂછતાં કહ્યું કે મા મને દવાની સોય ભોંકાતી નથી પણ તારાં આંસુ ભોંકાય છે. તું રડીશ નહીં. સ્મિતાબહેન આ દ્રશ્ય જોઈને એટલાં બધાં દ્રવ્યી ગયાં, હચમચી ગયાં કે તેમણે મનોમન સંકલ્પ કર્યો કે મારું જીવન ડાયાબિટીસથી પીડાતાં આવાં લાખો બાળકોને સમર્પિત કરીશ.

તેમના આ મિશનમાં તેમનાં સગાં બહેન ડૉ. શુક્લાબહેન રાવલ પણ જોડાયાં. એ પછી તો પરિવાર પણ જોડાયો. સ્મિતાબહેનના જીવનસાથી ડૉ. કેતન જોષી આ આખી પ્રવૃત્તિમાં સતત સક્રિય છે.

સને ૨૦૧૪થી આ બંને બહેનો આ દિશામાં અસરકારક રીતે કામ કરી રહ્યાં છે. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯થી ૧૪મી માર્ચ,૨૦૧૯ સુધી તેમણે કાશ્મીરથી કન્યાકુમારી સુધી જાતે કાર ચલાવીને ભારતમાં ડાયાબિટીશથી પિડાતા બાળકોના સંદર્ભમાં લોકોમાં જાગૃતિ આવે તે માટે કામ કર્યું. અનેક સંસ્થાઓમાં પરિસંવાદો યોજ્યા હતા. ૫૦૦ કિલોમીટરની યાત્રામાં ડૉક્ટરો, સ્વયંસેવકો સામાજિક સંસ્થાઓ પ્રતિનિધિઓને મળીને તેમણે બાળકોમાં થતા ડાયાબિટીસ માટે જાગૃતિ લાવવાનું કામ કર્યું.

આ રોગ ખરેખર તો એક જાતની પરિસ્થિતિ છે. આગોતરા પ્રયાસોથી આ સ્થિતિમાંથી બાળકને બહાર લાવી શકાય છે. લોકોમાં એ માટે જાગૃતિ લાવવાની આવશ્યકતા છે. તેના માટે આગોતરાં પગલાં લેવાય તે જરૂરી છે. તેમણે આ સ્થિતના નિરાકરણ તથા ઉપાયો માટે તેમણે અનેક વાર્તાલાપો યોજ્યા છે.

એ પછી આવી જ એક યાત્રા તેમણે જૂન, ૨૦૧૯માં અમેરિકામાં કરી. ૪,૦૦૦ કિ.મી. ની યાત્રામાં તેમણે ડાયાબિટીક બાળકો માટેની જાગૃતિનું કામ કર્યું. એ વખતે સાન ફ્રાન્સિસકોમાં અમેરિકન ડાયાબિટીસ એસોસિએશન દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં તેમણે ભાગ લીધો હતો. એ પછી તો તેઓ આપી નામે ઓળખાતા અમેરિકન એસોસિએશન ઓફ ફિઝિશિયન ઓફ ઈન્ડિયા નામની સંસ્થા સાથે પણ સંકળાયાં. અમેરિકામાં બધાને એવું હતું કે આ બે બહેનો ડોનેશન લેવા આવી હશે. પણ ના, આ બે બહેનોએ કહ્યું અમારે પૈસા નથી જોઈતા. તમારો સહયોગ જોઈએ છે.

નવી પેઢીના બે યુવા ડૉક્ટરો ડૉ. રાજા અને ડૉ. મન પણ આ મિશનમાં સહયોગ કરી રહ્યા છે. અમેરિકાની યાત્રામાં પણ તેઓ બન્ને સાથે જ હતા. અમેરિકાની ૪૦૦૦ કિમીની યાત્રામાં તો ઘણા પડકારો આવ્યા હતા. બન્ને બહેનોએ પોતાના દીકરાઓના સહયોગથી લોક-જાગૃતિનું કાર્ય સુપેરે પાર પાડ્યું હતું.

આ બંને બહેનોનો એક જ હેતુ છે કે જે બાળકો ડાયાબિટીસથી પીડાઈ રહ્યાં છે તેમને સમયસર પૂરતી અને યોગ્ય સારવાર મળે. અમેરિકામાં આવાં બાળકોની સંખ્યા સૌથી વધારે છે. બીજા નંબરે ભારત આવે છે. ખરેખર આવાં બાળકો કેટલાં છે તેનો પણ ચોક્કસ આંકડો આપણી પાસે નથી. એનો અર્થ એ થયો કે આ દિશામાં જબરજસ્ત કામ કરવાની આવશ્યકતા છે.

અનુસંધાન પાના નં. ૭ પર